જા.નં/પગાર/એમ્પ્લોઈ નંબર/૨૦૨૫/ 8736

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
**web : suratdeo.org**
**mail : suratdeo@gmail.com**
તા. ૧૬/૦૭/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિલ્લો-સુરત

વિષય :- નવી નિમણૂક પામેલ કર્મચારીઓનાં એમ્પ્લોય નંબર ફાળવવા માટેની દરખાસ્ત રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ (જાહેરાત ક્રમાંક:૦૫/૨૦૨૪) અન્વયે અત્રેની કચેરી હસ્તકની જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં હાજર થયેલ તમામ નવનિયુક્ત શિક્ષણ સહાયકોને તેઓના પગાર ઈન્ડેક્સ બી ગાંધીનગર ખાતેથી શરૂ કરાવવા અને પગાર બીલ (પે રોલ)માં નામ દાખલ કરવા માટે સબંધિત કર્મચારીઓને એમ્પ્લોય નંબર ફાળવવા માટેની કાર્યવાહી કરવા અર્થે નીચે મુજબના આધારો સાથેની દરખાસ્ત ફાઈલ કુલ બે નકલમાં આપની કક્ષાએ તૈયાર કરી રાખવા જણાવવામાં આવે છે.

| એમ્પ્લોઈ નંબર મેળવવા માટે રજૂ કરવાના આધારો | પગાર શરૂ કરવા માટે રજૂ કરવાના આધારો |
|---|---|
| શાળાનો ફોરવર્ડીંગ લેટર | શાળાનો ફોરવર્ડીંગ લેટર |
| એમ્પ્લોય નંબર મેળવવા માટે કર્મચારીની અરજી | આર.ટી.-૧ (એમ્પલોય નંબર સિવાયની તમામ વિગતો ભરવાની રહેશે) |
| જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતનો ભલામણપત્ર | આર.ટી.-૩ (ફિક્સ પગાર ૪૯૬૦૦) |
| સંસ્થા/સંચાલક મંડળનો નિમણુક હુકમ | બેંક પાસબૂકની સ્પષ્ટ વંચાય તેવી નકલ (બેંક ઓફ બરોડા) |
| કર્મચારીનો હાજર રીપોર્ટની નકલ | પાનકાર્ડની નકલ |
| શાળા દ્વારા કર્મચારીને હાજર કરેલ આદેશની નકલ | પાસપોર્ટ સાઈઝ ફોટા-૦૨ |
| મસ્ટરની પ્રમાણિત નકલ | આધારકાર્ડની નકલ |
| જામીનખતની પ્રમાણિત નકલ | - |

નોંધ :- દરખાસ્ત ફાઈલો રજૂ કરવા માટેની તારીખ અને સ્થળ હવે પછી જણાવવામાં આવશે.

વહીવટી અધિકારી
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.